# –:જાફરાબાદી ભેંસ:–

**ડૉ. બી.ડી. સાવલીયા, ડૉ.એચ.પી. વિજયેતા, ડૉ. જે.કે. ચૌધરી અને ડૉ. પી. એમ. ગામીત**
**પશુ ઉછેર કેન્દ્ર, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ**

- **ઉત્પતિ સ્થાન :–**

ભેંસોની આ ઓલાદનું ઉત્પતિ સ્થાન સૌરાષ્ટ્રમાં આવેલ ગીરનું જંગલ છે. આ ઓલાદની ભેંસો ગીરના જંગલમાં સારી સંખ્યામાં માલધારીઓ પાસે ઓલાદની ભેંસો જોવા મળે છે. અમરેલી જીલ્લામાં આવેલ જાફરાબાદ તાલુકા ઉપરથી તેનું નામ જાફરાબાદી પડેલ છે. આ ઓલાદને કાઠીયાવાડી તથા સોરઠીના નામે પણ ઓળખે છે. આ ઓલાદની ભેંસો સૌરાષ્ટ્રમાં જુનાગઢ, રાજકોટ, ભાવનગર, અમરેલી, પોરબંદર અને સુરેન્દ્રનગર જીલ્લાઓમાં ફેલાયલી જોવા મળે છે.

- **શારીરિક લક્ષણો :–**

**કદ / વજન :–**

જાફરાબાદી ભેંસ ભારતમાં મોટામાં – મોટા કદની અને વજનદાર ઓલાદ છે. શરીરની લંબાઈ ઘણી વધારે હોય છે. તેમજ પહોળું અને ચરબીયુકત શરીર જોવા મળે છે.

પુખ્ત વયની ભેંસનું વજન ૫૦૦ કિગ્રા. થી ૫૫૦ કિ.ગ્રા.
પુખ્ત વયના પાડાનું વજન – ૬૦૦ કિ.ગ્રા. થી ૬૫૦ કિ.ગ્રા.
તાજા જન્મેલા પાડનું વજન – ૩૦ કિ.ગ્રા.
તાજા જન્મેલ પાડીનું વજન – ૨૮ કિ.ગ્રા.



**રંગ :–**

આ ઓલાદની ભેંસોનો રંગ મેશ જેવો કાળો છે. પરંતુ ભુરા રંગની ભેંસો પણ જોવા મળે છે. અમુક જાનવરોમાં ટીલું, મુઠીઆ પાસે પગ ધોળા તથા પુંછડીની ડોડીના વાળ સફેદ હોવાનું જોવા મળે છે. આવા પશુઓ નવચંદ્રી કહેવાય છે તથા ભાગ્યશાળી ગણવામાં આવે છે. જો કે સંવર્ધન દ્રષ્ટિએ આખું કાળુ જાનવર અને પૂંછડાની ડોડીએ થોડા સફેદ વાળ હોય, નસ્કોરું કાળુ હોય તે સર્વોતમ ગણાય છે.

**માથું :–**

મોટું માથુ અને કપાળ હાથીના બચ્ચા (મદનીયા) જેવું ભારે અને ઉપસેલ કપાળ હોય છે. માખલી ટુંકી અને પહોળી હોય છે. કપાળનું હાડકું થોડું વધારે પહોળુ થઈ આંખોને ઢાંકી રાખે છે.

**આંખો :–**

આંખો મોટી હોવા છતાં ઉપસેલ કપાળને લીધે ઢંકાયેલી હોવાથી આંખો નાની અને ઉંડી ઉતરી ગયેલી દેખાય છે.

**શિંગડા :–**

શિંગડા માથાની બંને બાજુએથી નિકળી, નીચે જઈ પછી બહારની બાજુ તરફ વળાંક લે છે. શિંગડાનો આકાર ચપટો હોય છે. આ ઓલાદની અમુક પાડા / ભેંસોમાં કપાળ પાસે શિંગડાના મુળમાં જાડા ગંઠા જોવા મળે છે. આ ગંઠાના કારણે આંખો દબાઈ જવાથી જોવામાં તકલીફ પડે છે. માથાને દબાવીને નીકળતા મોટા પહોળા શિંગડા આ ઓલાદનું આગવું લક્ષણ ગણાય છે. શિંગડા ઘણું ખરું મુળમાં પહોળા, બાદ કુંઢા અને અંદરના ભાગે છેવાડેથી વળેલા અને અણીદાર હોય છે.

**ચામડી :–**

શરીર ઉપર ચામડી જાડી અને વાળ ઓછા પ્રમાણમાં હોય છે. માદાની ચામડી સુવાળી જયારે નરની ચામડી થોડી બરછટ હોય છે.

**કાનઃ–**

કાન શિંગડાની પાછળના ભાગમાં ઢંકાયેલા અને કદમાં નાના હોય છે. આ ઓલાદના ચાહકો કાનને ઉભા ચીરવાનો રિવાજ રાખે છે. આથી ભેંસના રૂપમાં વિશેષ સુંદરતા આવતી હોવાનું મનાય છે.

**બાવલું :–**

બાવલું વિકાસ પામેલું પણ લબડતું અને આંચળ અસમાંતર ગોઠવાયેલા હોય છે.

**પૂંછડું :–**

પૂંછડું લાંબુ, પાતળું અને ચકરડીનું હાડકું થાપાના ઉપરના ભાગમાં મધ્યમાંથી નીકળતું હોય છે. તે આ ઓલાદની ખાસિયત છે તેમજ પૂંછડું ઘુંટણ સુધી લબડતું હોય છે.

**ગરદન :–**

આ ઓલાદની ગરદન જાડી તથા પહોળી જોવા મળે છે.

**પગ :–**

આ ઓલાદની ભેંસમાં આગલા બે પગ વચ્ચે આવેલ હડાની કોથળી માંસાળ અને ચરબીથી ભરેલી હોય છે. આ ઓલાદનું કદ (શરીર) ઘણું મોટું હોય છે. અને તેના પ્રમાણમાં પગ મજબુત તથા મોટા અને જાડા હાડકાવાળા પરંતુ લંબાઈમાં ટુંકા જોવા મળે છે. પગની ખરી મોટી તેમજ પહોળી હોય છે.

પીઠ સીધી હોય છે. પેટ મોટું કદાવર હોય છે. અને પાછળના થાપા મોટા અને બાજઠ જેવા પહોળા હોય છે.

- **આર્થિક લક્ષણો :–**

આ ઓલાદની ભેંસો વધારે ફેટ અને ચરબીના કણો મોટા હોવાને લીધે ઘી ઉત્પાદન અને કણીવાળા ઘી માટે જાણીતી છે.

**૧.** પુખ્ત વયની ઉંમર સરેરાશ ૩૬ માસ
**૨.** પ્રથમ વિયાણની ઉંમર ૪૮ થી ૫૪ માસ
**૩.** વેતરનું સરેરાશ દુધ ઉત્પાદન – ૨૨૫૦ કિ.ગ્રા.
(આ ઓલાદની સારી ભેંસની યોગ્ય માવજત હોય તો દૈનિક ૨૫ થી ૩૦ લીટર દુધ પણ આપે છે.)
**૪.** દુધમાં ચરબી (ફેટ)ના ટકા ૮.૫ થી ૯ ટકા
(જયારે વધારે ફેટ ૧૨ થી ૧૩ ટકા સુધી લઈ જઈ શકાય છે.)
**૫.** દુધના દિવસો ૩૩૦ દિવસ
**૬.** સુકા દિવસો ૧૬૦ થી ૨૦૦ દિવસ
**૭.** બે વિયાણ વચ્ચેનો ગાળો ૨૦ થી ૨૪ માસ
**૮.** ગર્ભકાળની લંબાઈ ૩૧૦ થી ૩૧૫ દિવસ

**" આહાર, માવજતને સારવાર, સંતતિ બીજમાં (નરમાં) સમાણી**
**આ વાત જો સમજાય તો પશુપાલકના ઘેર ઉજાણી "**

***********************